## સંક્ષિપ્ત સમાચાર

### કાંકણપુરની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી



**ગોધરા :** સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી જે. એલ. કે. કોટેચા આર્ટ્સ અને શ્રીમતી એસ. એચ. ગાર્ડી કોમર્સ કોલેજ કાંકણપુરમાં હિન્દી વિભાગ દ્વારા 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય હિન્દી ભાષાના મહત્વ અને તેના આંતરરાષ્ટ્રીય સ્તર પરના પ્રસાર વિશે જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત કોલેજની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થનાથી કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીની એકતાએ હિન્દી કવિતા પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે હિન્દી વિભાગના અધ્યક્ષ ડો. જે. એલ. પટેલે 'આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી ભાષાનું મહત્વ' વિષય પર વિસ્તૃત વક્તવ્ય આપ્યું હતું.

### એન.એસ.એસ.ડે અંતર્ગત અલગ અલગ સ્પર્ધાઓ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાનું ગૌરવ



**સંખેડા :** શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના યજમાન પદે શ્રી નીલકંઠ કોલેજ કાલોલ મુકામે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા એન.એસ.એસ.ડે અંતર્ગત અલગ અલગ સ્પર્ધાઓ યોજાઇ હતી. જે અનુસંધાને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાંથી એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.પ્રિયકાન્ત શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ શીઘ્રકાવ્ય સ્પર્ધામાં હરીજન તોરલ, એક પાત્રીય અભિનયમાં તડવી સાક્ષી અને રંગોળી સ્પર્ધામાં ભોઈ ટીશા ભાગ લીધો હતો.જેમાં ત્રણે સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ નંબર આવેલ છે.જે બદલ કોલેજના આચાર્યશ્રી ડો.દિપકભાઇ પટેલ અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### ગોધરામાં મેરા યુવા ભારત અંતર્ગત રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી કરાઇ



**ગોધરા :** ભારત સરકારના યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય હેઠળ કાર્યરત 'મેરા યુવા ભારત ગોધરા' દ્વારા રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય ભાષા હિન્દીનો પ્રચાર-પ્રસાર કરવાનો અને યુવા પેઢીમાં હિન્દી ભાષા પ્રત્યે રુચિ જગાડવાનો હતો.આ કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલી સરસ્વતી હાઈસ્કૂલ, જોરાપુરા અને ગોધરા તાલુકાના નવા ખજૂરી ગામે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં આશરે 150 થી વધુ યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### ડભોઇના ખીદમતે ખલક ફાઉન્ડેશન ધ્વારા હિજામા કેમ્પ યોજવામાં આવ્યો



**ડભોઇ :** ડભોઇની સેવાકીય પ્રવૃત્તિ મા અગ્રેસર ખીદમતે ખલક ફાઉન્ડેશન ધ્વારા આજે હિજામા કેમ્પ યોજાયો હતો જેમાં આશરે સો જેટલા ઈસમો એ ભાગ લઈ પોતાના સ્વાસ્થ્ય ની કાળજી લીધી હતી ઈસ્લામ ધર્મ ના આખરી નબી પયગંબર સાહેબ ના જણાવ્યા મુજબ તમે ઉતમ દવા થી સારવાર કરવા માંગતા હોવ તો હિજામા કરાવો એ કથન ના અનુસાર ડભોઇ ના ખિદમતે ખલક ફાઉન્ડેશન ધ્વારા નજીવા દરે હિજામા ના નિષ્ણાતો ધ્વારા હિજામા કેમ્પ રાખવા મા આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને યુવાનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા સફળતાપૂર્વક સંપન્ન



**ગોધરા :** શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા 13 સપ્ટેમ્બર 2025ના રોજ પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા બે સત્રોમાં યોજવામાં આવી હતી અને તેમાં 17 વિવિધ વિષયોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.કુલ 1513 ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાંથી NET, M.Phil, અને G-SLET જેવી પરીક્ષાઓ પાસ કરનાર 416 વિદ્યાર્થીઓને પરીક્ષામાંથી મુક્તિ પામ્યા હતા જે પૈકીના બાકીના 1097 ઉમેદવારોમાંથી 976 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી જેમાં 89% હાજરી નોંધાઈ હતી.સમગ્ર પરીક્ષાનું નિરીક્ષણ યુનિવર્સિટીના કુલપતિ હરિભાઇ કાતરિયાના માર્ગદર્શન હેઠળ અને કુલ સચિવ ડો. અનિલભાઈ સોલંકીના નિરીક્ષણ હેઠળ કરવામાં આવ્યું હતું. પરીક્ષાના કોઓર્ડિનેટર ડો. ભાવેશભાઈ જેઠવા અને પ્રો. સુરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

---

રોજિંદા જીવનમાં ખોરાકમાં લેવાતી જુવાર પધરાવી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે તેવી ગામલોકોમાં ચર્ચા


# નસવાડી તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાં ગ્રાહકોને સડેલી જુવાર મળતી હોવાની બૂમ

### પુરવઠા વિભાગ દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરાય તેવી લોકમાંગ

(પ્રતિનિધિ) નસવાડી, તા.14

નસવાડી તાલુકામાં 42 સસ્તા અનાજની દુકાનોમાં સડેલી જુવાર રેશનકાર્ડ ગ્રાહકોને આપવામાં આવે છે સસ્તા અનાજ સંચાલકો અન્ન અને પુરવઠા વિભાગ ના ગોડાઉનોમાંથી જુવાર સડેલી આપવામાં આવી છે દુકારદાર અને રેશનકાર્ડ ગ્રાહકો વચ્ચે સડેલી જુવારને લઈને ચકમક ઝરે છે. નસવાડી તાલુકામાં રેશનકાર્ડ ગ્રાહકો ને દર માસે ત્રણ કિલો ચોખા અને બે કિલો ઘઉં આપવામાં આવતા હતા સપ્ટેમ્બર માસમાં અન્ન અને પુરવઠા વિભાગ દ્વારા આમાં ફેરફાર કરીને





ચોખાનું પ્રમાણ ઘટાડીને એક કિલો ચોખા અને બે કિલો જુવાર અને બે કિલો ઘઉં આપવાનું નક્કી કરીને જથ્થો ફાળવતા જેમાં નસવાડી તાલુકામાં જે જુવાર ફાળવવામાં આવી તે જુવાર સડેલી અને કાળી છે આ જુવાર ખાવા લાયક નથી જેને લઈને રેશનકાર્ડ ગ્રાહકો જથ્થો લેવા સસ્તા અનાજ ની દુકાને જાય છે ત્યારે સસ્તા અનાજ સંચાલક સડેલી જુવાર આપતા ગ્રાહકો વચ્ચે ચકમક ઝરે છે જયારે રાજ્ય સરકાર ના અન્ન અને પુરવઠા વિભાગ ના અધિકારીઓ સડેલી જુવાર નો જથ્થો ફાળવી ને રેશનકાર્ડ ગ્રાહકો ને છેતરવાનો પ્રયાસ કર્યો છે અને લોકો ના જીવ સાથે ચેડાં કરવાનો પ્રયાસ થી રેશનકાર્ડ ગ્રાહકો માં રોષ જોવા મળી રહ્યો છે જયારે સસ્તા અનાજ દુકાન સંચાલકો ના જણાવ્યા મુજબ પહેલી વાર જુવાર નો જથ્થો આપવામાં આવ્યો છે જે જુવાર માં ડંખ છે જયારે અમે ગોડાઉન મેનેજર ને આની રજુઆત કરીએ છે

ત્યારે સરકારમાંથી આ જથ્થો આવ્યો છે અને વેચવો જ પડશે તેવું ફરમાન જારી કરવામાં આવતા દુકાન સંચાલકો પણ મુંઝવણ માં મુકાયા છે ત્યારે સરકારે આ બાબતે તપાસ કરવી જોઈએ અને ફૂડ એન્ડ ડ્રગ વિભાગે આ જુવાર ના સેમ્પલ લઈને ટેસ્ટિંગ કરાવવું જોઈએ અને જુવાર ખાવા લાયક છે કે નહિ તેનો રિપોર્ટ સરકાર ને સોંપવો જોઈએ જયારે માનવ જીવન સાથે અન્ન અને પુરવઠા વિભાગ ચેડાં કરી રહ્યું છે ત્યારે સરકાર ની ગંભીર બેદરકારી બહાર આવી છે.

#### જાણો શુ કહે છે ગ્રાહક અને દુકાન સંચાલક

અમે સસ્તા અનાજ ની દુકાને અનાજનો જથ્થો લેવા ગયા ત્યારે જુવાર નો જથ્થો સડેલો છે આવી સડેલી જુવાર લઈ જઈને અમારા બાળકો ને રોટલા ખવડાવીએ તો બીમાર થઈ જાય અને સડેલી જુવાર ના રોટલા કાળા પડી જાય છે

મહેશભાઈ રાઠવા રેશનકાર્ડ ગ્રાહક;

પહેલી વાર જુવારનો જથ્થો સસ્તા અનાજ ની દુકાનો માં ફાળવવામાં આવ્યો તે જથ્થો સડેલો છે અમારી રજૂઆત અમે ગોડાઉન મેનેજર ને કરી છે પરંતુ ઉપર થી આવું અનાજ આપ્યું હોવાથી અમને આ જથ્થો વેચવા માટે ફરમાન કરવામાં આવ્યું છે અમે આવો જથ્થો વેચવા માટે મજબૂર છે

-ઈબ્રાહિમ ખલીવાલા સસ્તા અનાજ દુકાન સંચાલક

---

## ડભોઈ પાલિકામાં ચૂંટણીની તૈયારીના ભાગરૂપે વિકાસ કાર્યો ગતિમાન

(પ્રતિનિધિ) 456, તા.2

આગામી ચાર માસ માં ગુજરાત માં નગર પાલિકાઓ બાકી રહેલ તાલુકા પંચાયતો અને અને જીલ્લા પંચાયતો ની ચૂંટણીઓ યોજાવાની છે.જેની રાજ્ય ચૂંટણી પંચ ધ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાય છે.ત્યારે ચૂંટણી ની તૈયારી ના ભાગરૂપે ડભોઈ માં પણ પાલિકા ધ્વારા અટકેલા અને લટકેલા કામો તેજ ગતિએ પૂર્ણ કરવાની કવાયત શરૂ કરી દેવાય છે.

ગુજરાત રાજ્ય માં 66 નગર પાલિકાઓ,15 મહાનગર પાલિકા અને 33 જીલ્લા પંચાયતો તેમજ તાલુકા પંચાયતો ની ચૂંટણી યોજાવા માટે ની રાજ્ય ચૂંટણી પંચ ધ્વારા તૈયારીઓ કરી લેવામાં આવી છે.ત્યારે આગામી ડિસેમ્બર 2025 અથવા તો જાન્યુઆરી 2026 ના સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીઓ યોજાય શકે તેમ છે.જેના ભાગરૂપે ગંદકી, ઊભરાતી ડ્રેનેજો રોડ રસ્તાથી ત્રસ્ત ડભોઈ નગર ને પણ આપણું ડભોઈ સ્વચ્છ ડભોઈ કરી દેવા પાલિકા એ કમરકસી છે.જેથી ચૂંટણી માં ડભોઈ નગર નું આગવી ચિત્ર લોકો સમક્ષ મૂકી શકાય અને ફરી સત્તારૂઢ થઈ શકાય.

એટલુજ નહીં મથરાગતિ એ ચાલતા વિકાસ ના કામો ને પણ ગતિમાન કરી દેવાયા છે.જેમાં મહુડીભાગોળ બહાર બનેલ સરકારી અર્બન હેલ્થ સેન્ટર, મોતીબાગ ખાતે તૈયાર થઈ રહેલ પાણીની ટાંકી,થરવાસા ચોકડી પાસે બની રહેલ ટાઉન હોલ,શિનોર ચોકડી પાસે બની રહેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ અને રંગ ઉપવન બગીચા ના કામો નો સમાવેશ થાય છે.જ્યારે નગર ના રસ્તાઓ ને સુધારા માટે રિસર્ફીંગ ની ગ્રાન્ટ પણ ફાળવી દેવાય છે.

## સાધલી ગામે ફૈઝ યંગ સર્કલ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ) શિનોર, તા.14

શિનોર તાલુકાના સાધલી ગામ ખાતે ઈન્દુ બ્લડ બેન્ક તેમજ ફૈઝ યંગ સર્કલ ના સહયોગ થી બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.1500 માં જશ્ન-એ-ઈદ-એ-મિલાદુન્નબી ના મૌકા પર ખાસ આ બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાધલી ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ સંકેત પટેલ ના હસ્તે પટ્ટી કાપી બ્લડ ડોનેશન કેમ્પ ની શુભ શરૂઆત કરાઈ. જેમાં મોટી સંખ્યામાં આગેવાનો ગ્રામજનો હાજર રહ્યા હતા.

## પંચમહાલ LCBએ ગોન્દ્રા સર્કલ પરથી ચોરીના રૂ.૧ લાખ સાથે બેને ઝડપ્યા

### ગોધરા શહેરની ઘરફોડ ચોરીનો ગુનો ઉકેલાયો

(પ્રતિનિધિ) ગોધરા, તા.14

પંચમહાલ-ગોધરાના ગોધરા ગોન્દ્રા સર્કલ પાસેથી પોલીસે બે ઈસમોને ચોરીના 1,00,000/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા. આ ચોરી ગોધરા શહેર બી ડિવિઝન પો.સ્ટે. વિસ્તારમાં આવેલ એક મકાનમાંથી થયેલી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી. ગોધરા એલ. સી. બી પોલીસને બાતમી મળી હતી કે ગોધરાના રહેમતનગર નવી રોજી હોટલની સામે આવેલ એક મકાનમાંથી થયેલી ચોરીમાં ફુઝેલ ઈદ્રીશ આલમ રહે. સાતપુલ, અકસા



મસ્જીદની સામે વેજલપુર રોડ ગોધરા અને સોહિલ ઉર્ફે ડેબરીયા હુસેન મીઠા રહે. અશરફી મસ્જીદ પાસે ઉર્દુ જકરીયા પ્રાથમિક શાળાની બાજુમાં ગોધરા નામના બે ઈસમોએ કરી છે. આ ચોરીના પૈસા લઈને તેઓ સ્પેન્ડર પ્લસ મોટર સાયકલ નંબર જી.જે.07 ઈ.જી.4048 પર સાતપુલ તરફથી ગોન્દ્રા સર્કલ તરફ આવવાના છે.

આ બાતમીના આધારે એલ.સી.બી. સ્ટાફે ગોધરા ગોન્દ્રા સર્કલ પાસે નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન પોલીસે બાતમી મુજબના બંને ઈસમોને મોટર સાયકલ સાથે પકડી પાડ્યા હતા. તેમની તપાસ કરતાં ચોરીના રોકડા 1,00,000/- મળી આવ્યા હતા. આ સાથે પોલીસે સ્પેન્ડર પ્લસ મોટર સાયકલ પણ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી.

---

ગેસ ભરાવવા માટે લોકોને નર્મદા જિલ્લામાં ધક્કો ખાવો પડે છે

# નસવાડી ખાતે CNG પંપ 10 દિવસ થી બગડતા ગેસનું વેચાણ બંધ

### **હજારોની** સંખ્યામાં વાહનચાલકોને હેરા થવાનો વારો આવ્યો છે




(પ્રતિનિધિ) નસવાડી, તા.2

નસવાડી ખાતે સીએનજી પંપ ખૂલતા હજારો સીએનજી વાહનો લોકો એ ખરીદ્યા હતા અને સીએનજી પંપ થી વાહન ચાલકો ને ફાયદો થયો હતો પરંતુ સીએનજી પંપ 10 દિવસ ઉપરાંત સમય થી બગડતા સીએનજી પંપ ના માલિકે વેચાણ બંધ કરતા હજારો સીએનજી વાહન ચાલકો મુશ્કેલી માં મુકાયા છે સીએનજી વાહનો માં ગેસ ભરાવવા માટે હવે નર્મદા જિલ્લાના દેવલીયા ખાતે ગેસ ભરાવવા માટે જવું પડે છે 20 કિલોમીટર નો આવનજાવન નો રસ્તો છે રસ્તા માં ખાડા છે જેના કારણે એક કલાક નો સમય વાહનો માં ગેસ ભરાવવા માટે જવા માં જાય છે નસવાડી સીએનજી પંપ નું રિપેરિંગ વહેલી તકે થાય તો વાહન ચાલકો ને રાહત થાય તેમ છે હાલ તો હજારો વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે જ્યારે નસવાડી તાલુકામાં એકજ સીએનજી પંપ છે ત્યારે સરકારે બીજો સીએનજી પંપ વહેલી તકે મંજૂર કરીને ખોલવો જોઈએ જેનાથી આવી ઘટના બને ત્યારે વાહન ચાલકો બીજા પંપ ઉપર થી વાહન માં ગેસ ભરાવી શકે. હાલ તો લોકો દુઃખી થઈ રહ્યા છે સીએનજી પંપ માલિકે બોર્ડ મારી દીધું છે કે સીએનજી ગેસ નું વેચાણ બંધ છે.

## ઝાલોદ માછણનાળા ડેમ પાસે સાવન માતાના મંદિરમાં ચોરીનો ભેદ ઉકેલવા માંગ

(પ્રતિનિધિ) દાહોદ, તા.14

ઝાલોદ માછનાળા ડેમ તરફ જતા રોડ પર આવેલા સુપ્રસિદ્ધ પૌરાણિક સાવન માતાના મંદિરના નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે.ત્યારે અસામાજિક તત્વોએ અહીંથી સેટિંગના સામાનની ચોરી કરીને ભક્તોની આસ્થાને ઠેસ પહોંચાડી હતી. ચોરોએ પોતાની નાપાક થોડા સમય પહેલા ૧૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ બાંધકામ માટે રાખવામાં આવેલી ૪૧ સેન્ટિંગ પ્લેટોની ચોરી થઈ હતી. આ ઘટનાથી ગામલોકો સ્તબ્ધ થઈ ગયા હતા.પરંતુ હવે ફરી એકવાર ચોરોએ હિંમત કરીને બાંધકામ સ્થળ પર પડેલા પાણીના ટેક્રના પાછળના બે ટાયરોની પણ ચોરી અંગે ગામના આગેવાન બિરેન ભાભોરે ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. જેમાં હજુ સુધી ચોરોનુ પગેરુ મળી શક્યુ ના હોવાથી લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે.

## 'સરદાર સન્માન રથ' યાત્રાનું ગોધરામાં ઉષ્માભેર સ્વાગત કરાયું



(પ્રતિનિધિ) ગોધરા, તા.14

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ભવ્ય ઉજવણીના ભાગરૂપે આયોજિત 'સરદાર સન્માન રથ' યાત્રાનું ગોધરા ખાતે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. બારડોલીથી સોમનાથ સુધીની આ યાત્રા 11 સપ્ટેમ્બરના રોજ શરૂ થઈ હતી અને 22 સપ્ટેમ્બર સુધી ચાલવાની છે. ગોધરા શહેરમાં રથના આગમન સાથે જ લોકોનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો હતો. શહેરના મુખ્ય માર્ગો પર રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શહેરીજનો ઢોલ-નગારા અને શરણાઈના સૂર સાથે રથને વધાવવા ઉમટી પડ્યા હતા. લોકોએ રથ પર પુષ્પવર્ષા કરી અને સરદાર પટેલ અમર રહોના નારા લગાવ્યા હતા. ઘણા નાગરિકોએ રથ પર ફૂલહાર અર્પણ કરી સરદાર સાહેબને શ્રદ્ધાંજલિ આપી. આ પ્રસંગે સ્થાનિક નેતાઓ અને મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. તેમણે સરદાર પટેલના જીવન અને ભારતના એકીકરણમાં તેમના યોગદાન વિશે પ્રવચન આપ્યા. સરદાર પટેલની દૂરંદેશી અને અખંડ ભારતના નિર્માણમાં તેમની ભૂમિકાને યાદ કરી હતી.

---

વર્ષ 2021-22માં કૂવો બનાવવાની ગ્રાન્ટ તો પાસ થઇ પણ પૈસા ચાઉ થયા તેવી લોકોમાં ચર્ચા

# સિંગવડ તાલુકાના કટારાની પાલ્લી, ભગોરા ફળિયામાં સાર્વજનિક કૂવો બનાવવાનુ કામ ટલ્લે

(પ્રતિનિધિ) સિંગવડ, તા.14

સિંગવડ તાલુકાના કટારાની પાલ્લી ગામે ગત 2021 22 માં એટીવીટી માં ભગોરા ફળિયામાં સાર્વજનિક કૂવો મંજૂર થયેલો હતો જ્યારે આ કૂવો ત્યાં નહીં બનાવીને તે કુવાના રૂપિયા બારોબાર ઉપાડીને વાપરી લેવામાં આવ્યા હતા જ્યારે આની જાણ કટારા ની પાલ્લીના ડામોર બાબુભાઈ નાનજીભાઈ ને થતા તેમને આ કુવાના રૂપિયા કોને ઉપાડ્યા તેની તપાસ કરતા તે રૂપિયા ભગોરા ગુલાબભાઈ ધીરાભાઈ દ્વારા આ રૂપિયા બારોબાર કરી લેવામાં આવ્યા તેવી જાણ થતા તેમને તારીખ 27 7 2025 ના રોજ દાહોદ જિલ્લા વિકાસ અધિકારી ને અરજી આપી જાણ કરીને તે કામ સ્થળ ઉપર થયેલ નથી તેની તટસ્થ તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી જ્યારે તેના પછી તાલુકા વિકાસ અધિકારીને પણ અરજી આપીને તે સ્થળની તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી જ્યારે તે જગ્યા પર કૂવો બનાવવામાં આવ્યો નથી તેની યોગ્ય કાર્યવાહી કરી તપાસ કરવા જણાવ્યું હતું જ્યારે આ જિલ્લા તથા તાલુકાના કોઈ પણ અધિકારી દ્વારા સ્થળ તપાસ કરીને તેનો કોઈ પણ જાતનો નિર્ણય નહીં લેવાતા અરજદાર દ્વારા તારીખ 28 8 2025 ના રોજ પ્રાંત અધિકારી લીમખેડા ખાતે પાછી અરજી આપીને તે કુવાની તટસ્થ તપાસ કરવા ની માંગ કરી જ હતી જ્યારે તે સ્થળ પર કુવો ના હોય તો અરજદારે રૂપિયા બારોબાર લઈ લીધા છે તેનો સ્થળ તપાસ કરવા માટે અરજી આપવામાં આવી પરંતુ આ અરજીનો આજ દિન સુધી કોઈ પણ સરકારી તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી નથી આ સ્થળ પર જે એટીવીટીનો કુવો ભગોરા ફળિયામાં બનાવવાનો હતો તે જગ્યા પર કૂવો છે જ નહીં જ્યારે સામેવાળા દ્વારા ડામોર ફળિયામાં બનાવેલો મનરેગા યોજના હેઠળનો કુવો તેના ઉપર તક્તિ મૂકીને તે કુવાનો ફોટો પાડીને સરકારી તંત્રના અધિકારી દ્વારા તે ફોટો દેખીને તેના રૂપિયા પણ આપી દેવામાં આવ્યા છે જ્યારે અરજદાર દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં પણ આજદિન સુધી જે કુવો નથી બનાવ્યો અને તેના રૂપિયા બારોબાર કરી લેવામાં આવ્યા છે તો અરજદારનું કેવું છે કે આ કુવા ના રૂપિયા માં સરકારી તંત્ર ના અધિકારીનો પણ ભાગ હોય તો જ આની તટસ્થ તપાસ કરવામાં નથી.

## પંચમહાલ પોલીસે નાકાબંધી દરમિયાન ઓરવાળા પાસેથી 31.75 લાખનો દારૂ ઝડપ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.14

પંચમહાલના પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી અને પોલીસ અધિક્ષક ડૉ હરેશભાઈ દુધાતની સૂચના મુજબ LCB ગોધરાના પોલીસ ઈન્સ્પેક્ટર એન.એલ. દેસાઈએ દારૂની હેરાફેરી અટકાવવા માટે વિશેષ વોચ ગોઠવી હતી. આ દરમિયાન LCBના પોલીસ સ્ટેશન ઈન્સ્પેક્ટર એસ.આર. શર્માને ગુપ્ત બાતમી મળી હતી કે મોરવા હડફ તરફથી એક ટાટા એલ.પી. ટ્રક નંબર GJ 17 XX 5047 ગોધરા તરફ આવી રહી છે. આ ટ્રકમાં કેબિનની પાછળ એક ગુપ્ત ખાનું બનાવીને તેમાં વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો હતો.



બાતમીના આધારે LCBની ટીમે ઓરવાડા ગામ નજીક દાહોદ-ગોધરા હાઈવે પર નાકાબંધી કરી હતી. તપાસ દરમિયાન બાતમી મુજબની ટ્રક આવતા તેને રોકીને તલાશી લેવામાં આવી. ટ્રકની તપાસ કરતા કેબિનની પાછળ બનાવેલા ગુપ્ત ખાનામાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ અને બિયર મળી આવ્યા હતા.પોલીસે ટ્રકમાંથી કુલ 9,240 નંગ વિદેશી દારૂના ક્વાર્ટર અને બિયરના ટીન ઝડપી પાડ્યા હતા.